# 18. પંગુમ્ લંઘયતે ગિરિમ્

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની નિશાની કરો:

1) "તમે મારા ભલા માટે મારો પગ કાપશોને ! હું સહન કરી લઈશ." આ વાક્યમાં અરુણિમાનો કયો ગુણ જોવા મળે છે?

(A) કાયરતા

(B) માનવતા

(C) અડગતા

(D) લાગણીશીલતા

2) માણસ ખરેખર વિકલાંગ ક્યારે બને છે?

(A) જ્યારે તે જાતે જ ચાલવા લાગે છે ત્યારે

(B) જ્યારે તે પડકારોનો સામનો કરે છે

(C) જ્યારે એ હાર કબૂલી અને પ્રયત્નો છોડી દે છે.

(D) જ્યારે તે પર્વત ચઢી શકતો નથી.

3) અરુણિમાએ કયો સંકલ્પ કર્યો?

(A) હું હવે ક્યારેય ટ્રેનમાં નહિ બેસું.

(B) હું પર્વતારોહણ કરીશ જ.

(C) હું હવે ક્યારેય પર્વતારોહણ કરીશ નહિ.

(D) હું બહાર જતી વખતે બીજાનો સહારો લઈશ.

4) લોકોએ અરુણિમાને પાગલ ગણી...

(A) એક પગ કપાયા પછી પણ તેણીએ પર્વતારોહણ કરવાનું વિચાર્યું.

(B) તે ટ્રેનની મુસાફરી એકલી જ કરતી હતી.

(C) તેણીમાં સામાન્ય સમજશક્તિનો અભાવ હતો.

(D) તે હૉસ્પિટલમાં રાડો પાડતી હતી.

## 2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો:

### 1) અરુણિમા દ્વારા ભારતના યુવાનોને કયો સંદેશો મળે છે ?

- અરુણિમા દ્વારા ભારતના યુવાનોને એ સંદેશ મળે છે કે યુવાનો પડકારો સામે લડતાં શીખે. દૃઢ સંકલ્પશક્તિ અને અડગ મનોબળથી આગળ વધે. માણસે મનથી અપંગ ન બનવું જોઈએ. પોતાના વિશે સમાજમાં થતી ખોટી અને નકારાત્મક બાબતોને અવગણી પોતાના ધ્યેય તરફ ધપવું. જીવનમાં ગમે તેવી મુશ્કેલીઓ આવે, છતાં તેનાથી નાસીપાસ થવાને બદલે તેમાંથી રસ્તો શોધી, બહાર નીકળવાનો પ્રયાસ કરશે તો સફળતા જરૂર મળશે.

### 2) બચેન્દ્રી પાલને મળ્યા પછી અરુણિમાએ શું કર્યું?

- બચેન્દ્રી પાલને મળ્યા પછી અરુણિમામાં હિંમત અને ઉત્સાહ વધ્યાં. તેણે પર્વતારોહણ માટે તાલીમ લેવાનું શરૂ કર્યું. શરૂઆતમાં પર્વત ચડતી વખતે અન્ય પર્વતારોહકો તેને ધીમે ધીમે આવવાનું કહેતા. આથી તે અકળાતી અને વધુ મહેનત કરતી. આઠ મહિના પછી અરુણિમા સામાન ઉપાડીને સૌની સાથે નીકળતી અને સૌથી પહેલા પહોંચતી!

### 3) ડૉક્ટર અને નર્સમાં માનવતા કેમ જાગી ઊઠી?

- ઑપરેશન કરીને અરુણિમાનો પગ કાપવો પડે તેમ હતું, પરંતુ બરેલી હૉસ્પિટલમાં લોહીની કે ઍનેસ્થેશિયાની સગવડ નહોતી. એ જાણીને અરુણિમાએ ડૉક્ટરને હિંમતથી કહ્યું, "સરજી ! મારો પગ કપાયો... હું આખી રાત રેલ્વે ટ્રૅક ઉપર પડી રહી. મેં ભયંકર વેદના સહન કરી... તો હવે તો તમે મારા ભલા માટે મારો પગ કાપશો ને ! હું સહન કરી લઈશ." અરુણિમાની આ અડગતા જોઈને ડૉક્ટર અને નર્સમાં માનવતા જાગી ઉઠી.

## 3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો:

### 1) અરુણિમાનું પાત્રલેખન કરો.

- 'પંગુમ્ લંઘયતે ગિરિમ્' પ્રકરણમાં વૉલીબૉલની રાષ્ટ્રકક્ષાની રમતવીર અને વિશ્વની પહેલી દિવ્યાંગ માઉન્ટ એવરેસ્ટ મહિલા-આરોહક એવી અરુણિમાના આત્મવિશ્વાસનું જીવતુંજાગતું અને

પ્રેરણારૂપ આલેખન થયું છે. **CISF**માં જોડાવા માટે ઇન્ટરવ્યુ આપવા ટ્રેનમાં જવા નીકળેલી અરુણિમાની સોનાની ચેઇન ખેંચવાનો પ્રયાસ કરતાં બદમાશોને તેણે લડત આપી, પરંતું અરુણિમાને બદમાશોએ ટ્રેનની બહાર ફેંકી દીધી. સામેથી આવતી ટ્રેન તેના ડાબા પગને કાપતી ગઈ. તેનો પગ ચામડી પર લટકી રહ્યો હતો, જમણા પગનાં હાડકાંના ટુકડેટુકડા થઈ ગયા હતા, કરોડરજ્જુમાં તિરાડ પડી હતી. સવારે અરુણિમાના પગનું બરેલીમાં તાત્કાલિક ઓપરેશન થયું. ત્યાર બાદ તેને દિલ્લીની એઇમ્સ હૉસ્પિટલમાં ખસેડાઈ. લાંબી સારવાર લીધા પછી એણે કૃત્રિમ પગના સહારે પર્વતારોહણ કરવાનું નક્કી કર્યું. એ માટે જરૂરી માર્ગદર્શન, તાલીમ તથા આર્થિક સહાય જેવા કપરા પ્રશ્નોને અવગણીને તે પોતાના અડગ મનોબળથી દુર્ગમ લક્ષ્યને પાર કરવા કટિબદ્ધ થઈ.

માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પહેલી ભારતીય મહિલા બચેન્દ્રી પાલે એનામાં જોશ અને હિંમત ભર્યાં. ખૂબ લગન અને દૃઢ નિશ્ચય સાથે તેણે પર્વતારોહણની તાલીમ પૂર્ણ કરી. હવે તેના લક્ષ્ય તરફ આગળ વધતા તેણે શેરપાની મદદથી બર્ફિલા પહાડો વચ્ચેથી એવરેસ્ટ તરફ પ્રયાણ કર્યું. ચઢાણ ચઢતાં ઘણી વાર તેનો કૃત્રિમ પગ ખસી જતો, પણ એ હિંમત હારી નહિ. અનેક પડકારો સામે ઝઝુમતી અરુણિમા હિલેરી સ્ટેપ પહોંચી ત્યારે તેના બાટલાનો ઑક્સિજન ખલાસ થઈ ગયો. શેરપાએ તેને પાછા વળી જવા કહ્યું. પણ 'એવા સમયે પાછળ નજર કર્યા વગર આગળ વધવું… રસ્તો આપોઆપ મળી જશે.' બચેન્દ્રી પાલના આ શબ્દોને યાદ રાખી, જીવનું જોખમ ખેડીને અરુણિમા દોઢ કલાકે એવરેસ્ટની ટોચ પર પહોંચી અને પોતાનું સપનું પૂરું કર્યું. હવે પાછા ફરતાં થિજાવી દેતી ઠંડી અને ખલાસ થઈ ગયેલ ઑક્સિજનને કારણે તે જીવતી રહે એ શક્ય નહોતું. આ સમયે એક બ્રિટિશ પર્વતારોહકે એક ઑક્સિજનનો બાટલો તેના તરફ ફેંક્યો અને અરુણિમાને નવજીવન મળ્યું. નીચે ઉતરતાં રસ્તામાં એનો કૃત્રિમ પગ નીકળી ગયો. તે ઘસડાતી ઉતરતી રહી. અરુણિમાને કૅમ્પ-**4**થી સમિટ સુધીનું **3500** ફુટનું અંતર કાપતાં **24** કલાક થયા. એના હાથ થીજી ગયા હતા. હાથમાંથી લોહી નીકળવા માંડ્યું હતું; છતાં ઝઝુમતી અરુણિમા નીચે આવી અને તેને સલામત જોઈને સૌએ તેને અભિનંદન આપ્યા.

### 2) "દૃઢ સંકલ્પશક્તિ અને અડગ મનોબળ જ જીવન છે." આ વાક્યને પાઠના આધારે સમજાવો.

- 'પંગુમ્ લંઘયતે ગિરિમ્' પ્રકરણમાં વર્ણવાયું છે કે જીવનના કોઈ પણ ધ્યેય પર પહોંચવું હોય તો વ્યક્તિ પાસે દૃઢ સંકલ્પશક્તિ અને અડગ મનોબળ હોવાં જરૂરી છે. એનું જ્વલંત ઉદાહરણ અરુણિમાનું જીવન છે. **11** એપ્રિલ, **2011**ના રોજ ટ્રેનમાં જવા નીકળેલી અરુણિમાની સોનાની ચેઇન ખેંચવાનો પ્રયાસ કરતાં બદમાશોને તેણે લડત આપી, પરંતું અરુણિમાને બદમાશોએ ટ્રેનની બહાર ફેંકી દીધી. સામેથી આવતી ટ્રેન તેના ડાબા પગને કાપતી ગઈ. આ ઉપરાંત પણ

તેને ઘણી ઈજા થઈ. બરેલીની હોસ્પિટલમાં લોહી અને એનેસ્થેસિયા વગર તેણે ડૉક્ટરને પોતાના પગનું ઓપરેશન કરવા કહ્યું. આ તેની અડગતા દર્શાવે છે. દિલ્હી ખાતેની સારવાર દરમિયાન ફેલાયેલી અફવાઓથી નિરાશ થયા વગર તેણે પર્વતારોહણ કરવાનું નક્કી કર્યું.

કૃત્રિમ પગ વડે પર્વતારોહણ કરવા માટે જરૂરી માર્ગદર્શન તેણે બચેન્દ્રી પાલ પાસેથી માર્ગદર્શન મેળવ્યું. તાલીમ અને આર્થિક સહાય જેવા કપરા પ્રશ્નોને અવગણીને તેણે આ દિશામાં આગળ વધવાનું નક્કી કર્યું. તેને મદદ કરવા માટે શેરપાની આનાકાનીએ, ખૂબ સમજાવટથી એની સંમતિ મળવી. એવરેસ્ટ ચડવા જ્યાં વારંવાર કૃત્રિમ પગ ખસી જવો, આગળ ચડાય નહિ વગેરે મુસીબતોનો સામનો કરી 21 મે, 2013ના રોજ સવારે એવરેસ્ટ સર કર્યું. અકસ્માત થયાના 2 વર્ષ અને દોઢ મહિના બાદ તેણે આ સાહસ કરી બતાવ્યું. પાછા ફરતાં અચાનક બાટલાનો ઑક્સિજન ખલાસ થઈ જવો, શેરપાની પાછા ફરી જવાની સલાહ જેવી અનેક મુશ્કેલીઓથી તે હારી નહિ કે ડગી નહિ. દૃઢ સંકલ્પશક્તિ અને અડગ મનોબળે જ તેને અનેક પડકારો સામે લડતાં શીખવ્યું. ઘસડાતી નીચે આવી પહોંચેલી અરુણિમા અડગ આત્મવિશ્વાસવાળી એક લોખંડી મહિલા છે. અરુણિમાની આ સંઘર્ષકથા સાબિત કરે છે કે 'દૃઢ સંકલ્પશક્તિ અને અડગ મનોબળ જ જીવન છે.'

### 3) પર્વતારોહણ વખતે અરુણિમાને કઈ કઈ મુશ્કેલીઓ પડી?

- 8848 મીટરની ઊંચાઈ ધરાવતા વિશ્વના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટના આરોહણ વખતે અરુણિમાને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. તેનો કૃત્રિમ પગ વારંવાર ખસી જતો. એના શરીરનું વજન તેનો પગ ઉઠાવી શકતો નહિ. તેનાથી આગળ ચલાતું નહિ, છતાં તેણે પ્રયાસો ચાલુ રાખ્યા. અનેક પડકારો સામે ઝઝુમતી અરુણિમા હિલેરી સ્ટેપ પર પહોંચી. ત્યાંથી તેને એવરેસ્ટ પર પહોંચવાનું હતું. પણ એના બાટલામાંથી ઑક્સિજન ખલાસ થવા આવ્યો હોવા છતાં તેણે પાછા ફરવાને બદલે જીવનું જોખમ ખેડવાનો સંકલ્પ કર્યો અને દોઢ કલાકમાં જ તે એવરેસ્ટની ટોચ પર પહોંચી. આ તેના લોખંડી મનોબળની જીત હતી, પણ પાછા ફરતાં તો ઑક્સિજન રહ્યો જ નહોતો. ત્યાં એક બ્રિટિશ પર્વતારોહકે પોતાની પાસેના ઑક્સિજનના બે બાટલામાંથી એક અરુણિમા તરફ ફેંક્યો. આનાથી તેને નવજીવન મળ્યું. ત્યાં કૃત્રિમ પગ નીકળી ગયો. કૃત્રિમ પગ વગર તેણે ઘસડાતાં ઘસડાંતા સમિટથી કૅમ્પ-4 સુધીનું 3500 ફૂટનું અંતર 24 કલાકમાં કાપ્યું. તેના હાથમાંથી લોહી નીકળવું શરૂ થયું, છતાં પડતી, ઊઠતી, રડતી, ઝઝૂમતી તે નીચે આવી. માનવી ધારે છે તે પામે છે તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ માત્ર શરીરથી જ પંગુ પણ મનથી કદાપિ નહિ એવી અરુણિમા સિંહાએ પૂરું પાડ્યું.